પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૬૫ | ૭ ડિસેમ્બર, ૨૦૨૧, મંગળવાર; માગશર સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ભારત-રશિયા વચ્ચે એકે-૨૦૩ રાઈફલ માટે કરાર

## રશિયન રાષ્ટ્રપતિ પુતિનના આગમન પૂર્વે કરાર : બેને દેશોના સંબંધ માટે આ સમયે સૈન્ય અને તકનીકી ક્ષેત્રમાં ભારત-રૂસનો સહયોગ વિશેષરૂપે મહત્વપૂર્ણ

નવી દિલ્હી, તા.૬

રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન ૦૬ ડિસેમ્બરના રોજ ભારતની મુલાકાત પહેલા જ રશિયાના વિદેશ મંત્રી સર્ગેઈ લાવરોવ અને સંરક્ષણ મંત્રી સર્ગેઈ શોઈગુ પણ ભારત પહોંચી ચુક્યા છે. બંને મંત્રીઓએ પોતાના સમકક્ષ ડો. એસ જયશંકર અને રાજનાથ સિંહની મુલાકાત લીધી હતી. આ મુલાકાત બાદ હવે બેઠકોનો દોર ચાલુ થઈ ગયો છે.

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ અને રશિયાના સંરક્ષણ મંત્રી સર્ગેઈ શોઈગુ વચ્ચે આજે નવી દિલ્હી ખાતે બેઠક યોજાઈ હતી. આ દરમિયાન

બંને નેતાઓએ ભારત અને રશિયા વચ્ચે થયેલી સમજૂતીઓ પર હસ્તાક્ષર કર્યા હતા. તે અંતર્ગત ભારત-રૂસ રાઈફલ્સ પ્રાઈવેટ લિમિટેડના માધ્યમથી ૬,૦૧,૪૨૭ જેટલી ૭.૬૨ઉટ૩૯ મિમી અસોલ્ટ રાઈફલ એકે-૨૦૩ની ખરીદી માટે કરાર, ૨૦૨૧-૨૦૩૧થી સૈન્ય-તકનીકી સહયોગ માટે કાર્યક્રમ જેવી સમજૂતી પર હસ્તાક્ષર કરવામાં આવ્યા. આ બેઠક દરમિયાન સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે જણાવ્યું કે, ઉભરતી ભૂ-રાજકીય પરિસ્થિતિઓમાં આજે વાર્ષિક ભારત-રૂસ શિખર સંમેલન ફરી એક વખત આપણા દેશો વચ્ચે વિશેષ વ્યૂહાત્મક ભાગીદારીના મહત્વપૂર્ણ મહત્વની પૃષ્ટિ કરે છે. રાજનાથ સિંહે જણાવ્યું કે, સંરક્ષણ સહયોગ આપણી ભાગીદારીના સૌથી મહત્વપૂર્ણ સ્તંભોમાંથી એક છે. મને આશા છે કે, ભારત-રૂસ ભાગીદારી સમગ્ર ક્ષેત્રમાં શાંતિ લાવશે અને ક્ષેત્રને સ્થિરતા પ્રદાન કરશે. વધુમાં જણાવ્યું કે, ભારત અને રશિયાના સંબંધ બહુપક્ષવાદ, વૈશ્વિક શાંતિ, સમૃદ્ધિ, આંતરિક સમજણ અને વિશ્વાસમાં એક સામાન્ય હિતના આધાર પર આધારીત છે.

બેઠક દરમિયાન રશિયાના સંરક્ષણ મંત્રી સર્ગેઈ શોઈગુએ જણાવ્યું કે, આપણા દેશોના સંબંધ માટે આ સમયે સૈન્ય અને તકનીકી ક્ષેત્રમાં ભારત-રૂસનો સહયોગ વિશેષરૂપે મહત્વપૂર્ણ છે.

# ઓમિક્રોન જાન્યુઆરીના બીજા સપ્તાહમાં પીક પર : નરેશ ત્રેહને

## ફેબ્રુઆરીમાં સમાપ્ત થશે : મેદાંતાના ચેરમેન ડોક્ટર નરેશ ત્રેહને વાયરસ ક્યારે પીક પર હશે અને તેનું જોખમ ક્યાં સુધીમાં ટાળી શકાશે તે અંગે વિસ્તારપૂર્વક જાણકારી આપી

નવી દિલ્હી, તા.૬

કોરોના વાયરસના નવા વેરિએન્ટ ઓમિક્રોને ભારતમાં પગપેસારો કરી દીધો છે. ઓમિક્રોનનો ટ્રાન્સમિશન રેટ ભારતમાં બીજી લહેર માટે જવાબદાર ડેલ્ટા વેરિએન્ટ કરતા ૩ ગણો વધારે છે. મતલબ કે, આ વાયરસ ૩ ગણી વધુ ઝડપથી લોકોને સંક્રમિત કરી શકે છે. મેદાંતાના ચેરમેન ડોક્ટર નરેશ ત્રેહને વાયરસ ક્યારે પીક પર હશે અને તેનું જોખમ ક્યાં સુધીમાં ટાળી શકાશે તે અંગે વિસ્તારપૂર્વક જાણકારી આપી હતી.

ડોક્ટર ત્રેહનના કહેવા પ્રમાણે આપણે સૌએ ભારતમાં આવેલી પાછલી ૨ લહેરોમાંથી સબક લેવો જોઈએ. પહેલી અને બીજી લહેર વચ્ચે આશરે ૩ર સપ્તાહનો સમય હતો. પહેલી લહેર બાદ લોકોએ એવું માની લીધું હતું કે, વાયરસ હવે ખતમ થઈ ગયો છે પરંતુ બીજી લહેર વખતે તે વધુ ભયંકર બનીને પાછો ત્રાટક્યો. માટે લોકોએ સમજવું જોઈએ કે, જ્યાં સુધી સંપૂર્ણપણે વાયરસનું જોખમ ટળી ન જાય ત્યાં સુધી સાવધ રહે. ડોક્ટર ત્રેહને જણાવ્યું કે, એક અનુમાન પ્રમાણે આ વાયરસ સપ્ટેમ્બર-ઓક્ટોબર મહિનાથી જ ફેલાઈ રહ્યો છે પરંતુ તેનો કોઈ પુરાવો નથી. જો આપણે સૂત્રા મોડલથી જોઈએ જેને પહેલી અને બીજી લહેર વખતે પણ અપ્લાય કરવામાં આવેલું તો નવો વેરિએન્ટ જાન્યુઆરીના પહેલા કે બીજા સપ્તાહમાં પીક પર હશે. એવી પણ સંભાવનાઓ છે કે, આ લહેર ફેબ્રુઆરી મહિના સુધીમાં સમાપ્ત થઈ જશે. જોકે તે કેટલી ઉંચી જશે તે આપણા વ્યવહાર પર નિર્ભર કરે છે.

આ સાથે જ તેમણે એમ પણ કહ્યું હતું કે, ઓમિક્રોન વેરિએન્ટના પગપેસારાને ત્રીજી લહેર ઘોષિત કરવી હાલ મુશ્કેલ કહી શકાય. આ માટે વધુ રાહ જોવી પડશે. આ સાથે જ તેમણે કોરોના દરમિયાન રાખવામાં આવતી સાવધાનીઓનું પાલન કરવા માટે જણાવ્યું હતું.

# સેનાએ સંદિગ્ધ સમજીને ફાયરિંગ કર્યું : અમિત શાહ

## નાગાલેન્ડમાં ફાયરિંગના મુદ્દે ગૃહમંત્રીનું નિવેદન : સ્થાનિક પ્રશાસન દ્વારા પરિસ્થિતિ સંભાળવા પ્રયાસ, વિસ્તારમાં તણાવ વ્યાપેલો છે પરંતુ સ્થિતિ કાબૂમાં

નવી દિલ્હી, તા.૬

ગૃહ મંત્રી અમિત શાહે લોકસભામાં નાગાલેન્ડ ફાયરિંગ મુદ્દે નિવેદન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, આ સમગ્ર કેસ ખોટી ઓળખનો છે. સેનાએ સંદિગ્ધ સમજીને ફાયરિંગ કર્યું હતું. આ ફાયરિંગમાં ૬ લોકો માર્યા ગયા હતા. પેરા કમાન્ડોને એવી માહિતી મળી હતી કે, મોન જિલ્લાના તિરૂ વિસ્તારમાં સંદિગ્ધ વિદ્રોહીઓની અવર-જવર થઈ શકે છે. ત્યાર બાદ સેનાએ ત્યાં જાળ બિછાવી હતી. શનિવારે સાંજના સમયે જ્યારે એક ગાડી ત્યાંથી પસાર થઈ રહી હતી ત્યારે સેનાએ તે વાહનને રોકાવા માટે કહ્યું હતું. પરંતુ તે ગાડી રોકાવાના બદલે ઝડપથી જવા લાગી હતી. આ કારણે તેમાં સંદિગ્ધો સવાર હોવાની આશંકાથી સેનાએ ગોળીબાર કર્યો હતો. તે વાહનમાં ૮ લોકો સવાર હતા. ફાયરિંગમાં ૬ લોકો માર્યા ગયા હતા.

વધુમાં ગૃહ મંત્રીએ જણાવ્યું કે, વાહનમાં સવાર ૨ લોકોને સેનાએ હોસ્પિટલમાં દાખલ કરાવ્યા હતા. આ સમાચાર મળ્યા બાદ સ્થાનિક ગ્રામીણોએ સેનાની ટુકડીને ઘેરી લીધી હતી, તેમના વાહનો સળગાવ્યા હતા અને તેમના પર હુમલો કરી દીધો હતો. આ કારણે એક જવાનનું મોત થયું હતું અને અનેક જવાનો ઘાયલ થયા હતા. પોતાની સુરક્ષા માટે અને ટોળાને વિખેરવા માટે સુરક્ષા દળોએ ગોળીબાર કરવો પડ્યો હતો જેમાં વધુ ૭ નાગરિકોના મોત થયા હતા અને કેટલાક લોકો ઘાયલ થયા હતા. આ સાથે જ અમિત શાહે સ્થાનિક પ્રશાસન સ્થિતિ સંભાળવા પ્રયત્ન કરી રહ્યું હોવાની માહિતી આપી હતી. હાલ તે વિસ્તારમાં તણાવ વ્યાપેલો છે પરંતુ સ્થિતિ કાબૂમાં છે. રાજ્યના વરિષ્ઠ અધિકારીઓએ તે સ્થળની મુલાકાત લીધી છે.

# સેન્સેક્સ ૯૪૯, નિફ્ટીમાં ૨૮૪ પોઈન્ટનો મોટો કડાકો

મુંબઈ, તા.૬

કોરોના વાયરસના ઓમિક્રોન વેરિઅન્ટ અને વૈશ્વિક પરિબળોને કારણે ઉદ્ભવતા ભયને કારણે, સોમવારે સપ્તાહના પ્રથમ દિવસે શેરબજારમાં મોટો ઘટાડો જોવા મળ્યો હતો. બીએસઈ સેન્સેક્સ ૯૪૯.૩૨ પોઈન્ટના ઘટાડા સાથે ૫૬,૭૪૭.૧૪ પર બંધ રહ્યો હતો. બીજી તરફ, એનએસઈ નિફ્ટી ૨૮૪.૪૫ પોઈન્ટ ઘટીને ૧૬,૯૧૨.૨૫ પર છે. સેન્સેક્સમાં લિસ્ટેડ તમામ ૩૦ કંપનીઓના શેર ઘટાડા સાથે બંધ થયા છે. ઈન્ડસઈન્ડ બેન્કમાં સૌથી વધુ ૩.૭૫ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. બજાજ ફિનસર્વનો શેર પણ ૩.૪૩ ટકા તૂટ્યો હતો.

ભારતી એરટેલ અને ટીસીએસના શેર લગભગ ૩ ટકા ઘટીને બંધ થયા છે. એનટીપીસી, મારુતિ, ડૉ. રેડ્ડીઝ, એશિયન પેઈન્ટ્સ, ઈન્ફોસિસ, ટેક મહિન્દ્રાના શેર ૨ ટકાથી વધુ ઘટીને બંધ થયા હતા. સોમવારે સવારે સેન્સેક્સ ૫૭,૭૭૮.૦૧ પર ખુલ્યો હતો. તે સમગ્ર દિવસના વેપારમાં ૫૭,૭૮૧.૪૬ ની ઊંચી અને ૫૬,૬૮૭.૬૨ ની નીચી સપાટીએ ગયો. શુક્રવારે સેન્સેક્સ ૭૬૪.૮૩ પોઈન્ટ ઘટીને ૫૭,૬૯૬.૪૬ પર બંધ થયો હતો. એનએસઈ નિફ્ટી વિશે વાત કરીએ તો, નિફ્ટી પરના તમામ ક્ષેત્રીય સૂચકાંકો લાલ નિશાનમાં બંધ થયા છે. સૌથી મોટો ઘટાડો આઈટી શેરોમાં આવ્યો છે. નિફ્ટી પર યુપીએલ વધ્યો હતો, જ્યારે ઈન્ડસઈન્ડ બેન્ક, ટાટા કન્ઝ્યુમર, બજાજ ફિનસર્વ, ભારતી એરટેલ અને ટીસીએલ સૌથી વધુ ઘટ્યા હતા. શુક્રવારે નિફ્ટી ૨૦૪.૯૫ પોઈન્ટ ઘટીને ૧૭,૧૯૬.૭૦ પર બંધ થયો હતો.

# કર્ણાટકની એક જ શાળામાં ૯૪ વિદ્યાર્થીઓને કોરોના પોઝિટીવ

## સ્કૂલના અન્ય વિદ્યાર્થીઓ અને સ્ટાફના પણ રિપોર્ટ્સ કરવામાં આવી રહ્યા છે જેથી આ ચેઈનને તોડી શકાય

કર્ણાટક, તા.૬

કોરોનાના નવા વેરિયન્ટ ઓમિક્રોનના કેસનો આંકડો ભારતમાં ૨૦ને પાર થઈ ગયો છે. આવામાં એક તરફ સ્કૂલો ખોલવામાં આવી છે ત્યારે કર્ણાટકમાં એક જ સ્કૂલમાં વિદ્યાર્થી અને સ્ટાફ મળીને ૯૪ કોરોના પોઝિટિવ કેસ આવતા હડકંપ મચી ગયો છે. કર્ણાટકના નરસિમ્હારાપુરામાં આવેલા સ્કૂલમાંથી આ કિસ્સો સામે આવ્યો છે. હવે સ્કૂલના અન્ય વિદ્યાર્થીઓ અને સ્ટાફના પણ રિપોર્ટ્સ કરવામાં આવી રહ્યા છે જેથી આ ચેઈનને તોડી શકાય.

મળતી વિગતો પ્રમાણે સ્કૂલમાં વધુ ૩૫ વિદ્યાર્થીઓ કોરોના પોઝિટિવ આવતા નરસિમ્હારાજપુરાની કેન્દ્રીય સ્કૂલમાં કોરોનાના કુલ કેસનો આંકડો ૯૪ પર પહોંચ્યો છે. સ્કૂલના કેમ્પસમાં કોરોના પોઝિટિવ દર્દીઓનો આંકડો ૧૦૦ની નજીક પહોંચી જતા વિદ્યાર્થીઓ, વાલીઓ અને સ્કૂલનો સ્ટાફ ચિંતામાં મૂકાયો છે. એક તરફ ઓમિક્રોનનું જોખમ વધી રહ્યું છે ત્યારે એક સાથે આટલા બધા કેસ એક જ સ્કૂલના કેમ્પસમાં આવતા કેસમાં થતો વધારો અટકાવવા માટેના જરુરી પગલા પણ ભરવામાં આવી રહ્યા છે.

એક સામટા આટલા કેસ એક જ સ્કૂલમાંથી આવતા હવે વધુ ૪૧૮ લોકોના ટેસ્ટ કરવામાં આવશે, જેમાં વિદ્યાર્થીઓ અને સ્કૂલના સ્ટાફનો સમાવેશ થાય છે. સ્કૂલનો કોરોનાના કેસનો આંકડો સદીની નજીક પહોંચી જતા કર્ણાટકની આ સ્કૂલને વહીવટી તંત્ર દ્વારા હાલ પૂરતી બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. નોંધનીય છે કે નરસિમ્હારાજપુરાની સ્કૂલમાં ભણતા ૫૯ વિદ્યાર્થીઓ કોરોના પોઝિટિવ આવ્યા હતા, જે બાદ સોમવારે વધુ ૩૫ વિદ્યાર્થીઓ કોરોનામાં સપડાયા છે. આમાં સ્કૂલના શિક્ષકો અને અન્ય સ્ટાફ મળીને ૧૩ લોકો થાય છે કે જેમનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. એટલે કે ૮૧ વિદ્યાર્થીઓનો રિપોર્ટ કોરોના પોઝિટિવ આવ્યો છે. સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા જણાવવામાં આવ્યું છે કે, સ્કૂલના તમામ વિદ્યાર્થીઓને ડૉક્ટરોની ટીમ દ્વારા સારવાર આપવામાં આવી રહી છે. આ તમામ જે વિદ્યાર્થીઓ કોરોના પોઝિટિવ આવ્યા છે તેઓ એસિમ્પ્ટોમેટિક છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા રજૂ કરવામાં આવેલા આંકડા પ્રમાણે ભારતમાં ૨૪ કલાકમાં કોરોનાના નવા ૮,૩૦૬ કેસ નોંધાયા છે, જેની સામે ૮,૮૩૪ દર્દીઓ એક દિવસમાં સાજા થયા છે. આ સાથે દેશમાં કોરોનાના એક્ટિવ કેસનો આંકડો ૯૮,૪૧૬ થઈ ગયો છે. આમ એક્ટિવ કેસનો આંકડો ૫૫૨ દિવસના તળિયે પહોંચી ગયો છે.

# ભારત-પાક. સરહદે બાળક જન્મતા બોર્ડર નામ રાખ્યું

માતા-પિતા અમુક ખાસ સંજોગોમાં જન્મેલા બાળકોને અનોખા નામ આપતા હોય છે. આવા અનેક કિસ્સા પહેલા પણ સામે આવી ચૂક્યા છે. પાછલા ૭૦ દિવસથી અટારી સરહદ પર ફસાયેલા પાકિસ્તાની કપલે પણ આવું જ કંઈક કર્યું છે. બીજી ડિસેમ્બરના રોજ તેમના પરિવારે એક નાનકડા મહેમાનનું સ્વાગત કર્યું અને તેને નામ આપ્યું—બોર્ડર. રિપોર્ટ અનુસાર, આ મહિલાની ડિલિવરી ભારત અને પાકિસ્તાન બોર્ડર પર થઈ હતી, માટે દંપતિએ દીકરાનું નામ બોર્ડર રાખવાનું નક્કી કર્યું. પંજાબ વિસ્તારના રાજનપુર જિલ્લામાં રહેતા નિંબુ બાઈ અને બલમ રામ તેમજ અન્ય ૯૭ પાકિસ્તાની નાગરિકો બોર્ડર પર રહે છે. રિપોર્ટ અનુસાર, બીજી ડિસેમ્બરના રોજ નિંબુ બાઈને પ્રસવ પીડા ઉપડી તો પાડોશી ગામની અનેક મહિલાઓ તેની મદદ કરવા માટે બોર્ડર સુધી પહોંચી હતી. સ્થાનિક લોકોએ દંપતિને ઘણી સુવિધા કરી આપી અને નવજાત બાળક માટે મેડિકલ સુવિધાઓની વ્યવસ્થા પણ કરી હતી. બાળકના પિતા જણાવે છે કે, તેઓ અને પાકિસ્તાનના અન્ય નાગરિકો જરૂરી દસ્તાવેજોની કમીને કારણે ભારતની તીર્થ યાત્રા પછી ઘરે પાછા નથી ફરી શક્યા. ૯૭ નાગરિકોમાંથી ૪૭ બાળકો છે. તેમાંથી છનો જન્મ ભારતમાં થયો છે અને તેમની ઉંમર એક વર્ષથી ઓછી છે. નામની આવી રસપ્રદ કહાણીઓ અવારનવાર સામે આવતી રહેતી હોય છે. ગત વર્ષે અલાસ્કા સ્થિત એક માતાએ પોતાના દીકરાનું નામ સ્કાય રાખ્યુ હતું કારણે ફ્લાઈટમાં તેનો જન્મ થયો હતો. ભારતની વાત કરીએ તો, અન્ય એક પાકિસ્તાની નાગરિકે પોતાના દીકરાનું નામ ભારત રાખ્યુ હતું કારણકે તેનો જન્મ જોધપુરમાં થયો હતો.

# કોંગી સાંસદ શશી થરૂરે સંસદ ટીવી શોનું હોસ્ટિંગ છોડ્યું

## ૧૨ સાંસદોનું સસ્પેન્શન રદ નહીં કરવામાં આવે ત્યાં સુધી તેઓ સંસદ ટીવી પર કોઈ શો હોસ્ટ નહીં કરે

નવી દિલ્હી, તા.૬

શિવસેનાના સાંસદ પ્રિયંકા ચતુર્વેદી બાદ હવે કોંગ્રેસી સાંસદ શશિ થરૂરે પણ સંસદ ટીવીના શોનું હોસ્ટિંગ છોડી દીધું છે. થરૂરે સંસદના ચોમાસું સત્રમાં ૧૨ સાંસદોના સસ્પેન્શન પર નારાજગી જાહેર કરીને આ નિર્ણય લીધો છે. જ્યાં સુધી આ ૧૨ સાંસદોનું સસ્પેન્શન રદ નહીં કરવામાં આવે ત્યાં સુધી તેઓ સંસદ ટીવી પર કોઈ શો હોસ્ટ નહીં કરે. ઉલ્લેખનીય છે કે, થરૂર લાંબા સમયથી સંસદ ટીવીના શો 'ટુ ધ પોઈન્ટ'ને હોસ્ટ કરી રહ્યા છે.

તિરૂવનંતપુરમથી સાંસદ થરૂરે જણાવ્યું કે, 'મારા મતે એક શોની યજમાની માટે સંસદ ટીવીના નિમંત્રણનો સ્વીકાર કરવો એ ભારતની સંસદીય લોકતંત્રની સર્વોત્તમ પરંપરાઓમાં હતું. તે એ સિદ્ધાંતની પૃષ્ટિ કરે છે કે, અમારા રાજકીય મતભેદો અમને સંસદ સદસ્યો તરીકે વિભિન્ન સંસદીય સંસ્થાનોમાં સંપૂર્ણપણે ભાગ લેતા ન અટકાવી શકે.'

થરૂરે જણાવ્યું કે, સસ્પેન્શન વિરૂદ્ધ પ્રદર્શન કરી રહેલા સાંસદો પ્રત્યે એકજૂથતા બતાવીને તેમણે શો 'ટુ ધ પોઈન્ટ'નું હોસ્ટિંગ છોડવાનો નિર્ણય લીધો છે. જ્યાં સુધી સાંસદોનું સસ્પેન્શન રદ ન થઈ જાય તથા સંસદના સંચાલન અને સંસદ ટીવીના કામકાજ માટે દ્વિદળીયતાની સમાનતા પુનઃસ્થાપિતન કરવામાં આવે ત્યાં સુધી તેઓ હોસ્ટિંગ નહીં કરે.

ઉલ્લેખનીય છે કે, થરૂરનો આ નિર્ણય એવા સમયે સામે આવ્યો છે જ્યારે એક દિવસ પહેલા શિવસેના સાંસદ પ્રિયંકા ચતુર્વેદીએ સંસદના ચોમાસુ સત્રમાં ૧૧ અન્ય લોકો સાથે રાજ્યસભામાં સસ્પેન્શન બાદ સંસદ ટીવીના એક શો માટે એંકર પદેથી રાજીનામુ આપ્યું હતું. તેમણે રવિવારે રાજ્યસભાના સભાપતિ વેંકૈયા નાયડુને એક પત્ર લખીને તેનું કારણ પણ જણાવ્યું હતું.

પ્રિયંકા ચતુર્વેદીએ પત્રમાં લખ્યું હતું કે, 'ખૂબ દુખ સાથે આ કહેવું પડી રહ્યું છે કે, હું સંસદ ટીવીના શો 'મેરી કહાની'નું એંકર પદ છોડી રહી છું.

# ઈન્ડોનેશિયામાં જ્વાળામુખી ફાટતાં ૧૩નાં મોત

## ઇન્ડોનેશિયાના સેમેરૂ જ્વાળામુખીમાં વિસ્ફોટ : બચાવ ટુકડીના જવાનોએ આ દુર્ઘટનામાં ફસાયેલા ૧૦ લોકોને બચાવી લઇ તેઓને સલામત સ્થળે ખસેડી લીધા

જાકાર્તા, તા.૬

ઈન્ડોનેશિયામાં સેમેરૂ નામનો સક્રિય જ્વાળામુખી પ્રચંડ

વિસ્ફોટ સાથે ભભૂકી ઉઠતાં ૧૩ લોકોના મોત નિપજ્યા હતા એમ ઈન્ડોનેશિયાની ડિઝાસ્ટર મિટિગેશન એજન્સીએ રવિવારે કહેતાં ઉમેર્યું હતંઓ કે આ ઘટનામાં એક ડઝન લોકોને ઈજા પણ થઈ હતી. બચાવ ટુકડીના જવાનોએ આ દુર્ઘટનામાં ફસાઈ ગયેલા ૧૦ લોકોને બચાવી લઈ તેઓને સલામત સ્થળે ખસેડી લીધા હતા.

ઈન્ડોનેશિયાનો સૌથી ઉંચો ગણાતો સેમેરૂ જ્વાળામુખી જાવાની પૂર્વ દિશામાં આવેલા એક રાજ્યમાં આવેલા છે જે શનિવારે પ્રચંડ વિસ્ફોટ સાથે ભભૂકી ઉઠયો હતો જેના પગલે તેમાંથી વિકરાળ આગની જ્વાળાઓ લપકા મારતી જોવા મળી હતી.

તે સાથે કાળા ડિબાંગ ધૂમાડા અને રાખના ગોટેગોટા ઉઠતાં આસપાસના ગામડાઓ ઉપર કાળા વાદળો ઘેરાઈ ગયા હતા. આ ઘટનાના પગલે જ્વાળામુખીની નજીકના વિસ્તારોમાં આવેલા ગામડાઓમાં ભયનું મોજુ ફરી વળ્યું હતું અને લોકોએ નાસભાગ મચાવી દીધી હતી.

આ જ્વાળામુખીના પ્રસ્ફોટના કારણે નજીકમાં આવેલા લુમાજાંગ જિલ્લાના શહેરી વિસ્તારને અન્ય વિસ્તારો સાથે જોડતા એક અત્યંત મહત્વના પૂલ વ્યાપક પ્રમાણમાં ક્ષતિગ્રસ્ત થઈ ગયો હતો. એમેજન્સીના અધિકારી અબ્દુલ મુહારીએ સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલી અખબારી યાદીમાં કહ્યું હતું.

માર્યા ગયેલા ૧૩ લોકો પૈકી અત્યાર સુધી ફક્ત બે લોકોની જ ઓળખ કરી શકાઈ છે. આ કુદરતી હોનારતમાં નાની મોટી

ઈજા પામનારા લોકોનો આંક અત્યાર સુધી ૯૮ ઉપર પહોંચી ગયો છે. રાહત અને બચાવ ટુકડીના જવાનોએ ભારે પ્રયાસો કરીને અસરગ્રસ્ત વિસ્તારના ૯૦૨ લોકોનું સલાત સ્થળે સ્થળાંતર કરાવ્યું હતું.

સરકારી અધિકારીએ કહ્યું હતું કે જ્વાળામુખીના પ્રસ્ફોટન વખતે રેત ખનનમાં વ્યસ્ત ૧૦ લોકો ફસાઈ ગયા હતા, જેઓને ભારે જહેમત બાદ બચાવી લેવાયા હતા.